Extra No. 212

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI ] MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેન્દ્રસિંહ સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**Gujarat Municipalities Act, 1963**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ:** ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ગુજરાતના ૧૭મા) થી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૬ની પેટા-કલમ (૩) ના ખંડ (ગ) માં સુધારો કરવામાં આવ્યો છે જેથી કરીને, બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકાના પ્રમાણમાં પછાત વર્ગોની વ્યક્તિઓને અનામત આપી શકાય;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના બાબરા નગરપાલિકા વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ (સદરહુ) અધિનિયમ ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬-ની પેટા-કલમો (૨) અને (૩) સાથે વાંચતા, કલમ ૭-ની પેટા- કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૭-મી ઓગસ્ટ, ૨૦૨૪-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૪નો ૧૯૦/યુડીયુએચડી/એમડબલ્યુડી/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ.- રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) બાબરા નગરપાલિકાના વિસ્તારો, ૬ વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૨૪ કાઉન્સિલરનું બનશે:

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ ૨૪ બેઠકોમાંથી,-

  (૧) ૨ બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૧ બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

  (૨) ૬ બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે; જેમાંથી ૩ બેઠકો પછાત વર્ગોની સ્ત્રી માટે અનામત રહેશે;

  (૩) ૧૨ બેઠકો, ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે, (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામામાં કોઈપણ મજકૂર, આ જાહેરનામાના આરંભ પહેલા, બાબરા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરેલા કૃત્યોને અસર કરશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનિષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 21:59:59 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Government Central Press, Gandhinagar.